AVIVA
| Life Insurance |

INDIA PARTNER Dabur GROUP

# અવિવા જન સુરક્ષા



## અવિવા જન સુરક્ષા – એક વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ પ્યોર રિસ્ક લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે.

જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે અને તમારા સ્વજનોના ભવિષ્યને સુરક્ષિત કરવું તમારી ફરજ છે. જો તમારી સાથે કોઈ દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટે તો તમારા બાળકોની કાળજી કોણ રાખશે, બાળકોના શિક્ષણ, લગ્ન માટે પૈસા ક્યાંથી આવશે, અને જો તમે કોઈ લોન લીધી હોય તો તે કોણ પાછી ચૂકવશે?

જન સુરક્ષા એ લાઈફ ઈન્શ્યૉરન્સ યોજના છે જે તમને તમારા બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવામાં મદદ કરે છે. જીવન ગુમાવવાનું કોઈ વળતર ન હોઈ શકે ત્યારે, જન સુરક્ષા સુનિશ્ચિત કરે છે કે તેમની આર્થિક જરૂરિયાતો પૂરી કરવામાં આવે, જો અગર તમારી સાથે કોઈ અઘટિત ઘટના ઘટે.

## આનો હેતુ છે

- તમારા આશ્રિતોને તમારા દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુના જોખમ સામે આર્થિક સુરક્ષા પૂરી પાડવી.

## અવિવા જન સુરક્ષા શું છે?

- અવિવા જન સુરક્ષા એ ઓછા ખર્ચ સાથેનો લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે જે પૉલિસીની મુદત દરમિયાન તમારું મૃત્યુ થવાના કિસ્સામાં લમ્પસમ રકમ ચૂકવવાની ગૅરંટી આપે છે. તમે રેગ્યૂલર પ્રીમિયમ ચૂકવણીઓ અથવા સિંગલ પ્રીમિયમ ચૂકવણી માંથી પસંદગી કરવાની લવચિકતા ધરાવો છો. સિંગલ પ્રીમિયમ ચૂકવણીના કિસ્સામાં કોઈ ભાવિ પ્રીમિયમ ચૂકવવાપાત્ર નથી રહેતું.
- અવિવા જન સુરક્ષા 18 થી 45 વર્ષની ઉંમર વચ્ચેના કોઈ પણ જીવન માટે ખરીદી શકાય છે. આ પૉલિસી 5 વર્ષ અથવા 10 વર્ષની મુદત માટે ખરીદી શકાય છે અને પૉલિસી સમાપ્ત થવા સમયે વીમિત વ્યક્તિની મહત્તમ ઉંમર અનુક્રમે 50 વર્ષ અથવા 55 વર્ષ હોય છે.
- અવિવા જન સુરક્ષા રેગ્યૂલર પ્રીમિયમ માટે ₹30,000 અને સિંગલ પ્રીમિયમ માટે ₹25,000ની ઓછામાં ઓછી વીમા રકમથી વધુમાં વધુ ₹50,000 ની વચ્ચે કોઈપણ રકમ માટે ખરીદી શકાય છે, આ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન રહે છે.
- ઓછામાં ઓછું અને વધુમાં વધુ વાર્ષિકીકૃત પ્રીમિયમ / સિંગલ પ્રીમિયમ ઓછામાં ઓછી અને વધુમાં વધુ વીમા રકમ પર આધારિત રહે છે.

## આ પ્લાનનાં લાભો કયા છે?

- પૉલિસીની મુદત દરમિયાન તમારું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં, તમારા નોમિનીને વીમા રકમ ચૂકવી દેવામાં આવે છે. અકસ્માતને લીધે મૃત્યુ થવાના કિસ્સામાં, વીમા રકમની બેગણા જેટલી રકમ તમારા નોમિનીને ચૂકવવામાં આવે છે.
- તમારે કોઈ મૅડિકલ ટેસ્ટ્સ કરાવવાની જરૂર નથી પડતી.
- તમે ચૂકવેલા પ્રીમિયમો આવકવેરા ધારો, 1961 ની કલમ 80સી હેઠળ કરમાં છૂટને પાત્ર રહે છે. કર કાયદાઓ સરકાર દ્વારા સૂચિત કરાયા મુજબ વખતો વખત ફેરફારને આધીન રહે છે.

## દૃષ્ટાંત

આ દૃષ્ટાંત ₹30,0000 ની વીમા રકમ માટે છે.

| પ્રીમિયમ વારંવારતા | પૉલિસી મુદત (વર્ષમાં) | પ્રીમિયમ (₹) ઉંમર સમૂહ માટે | | |
|---|---|---|---|---|
| | | 18 – 35 | 36 – 40 | 41 - 45 |
| વાર્ષિકીકૃત પ્રીમિયમ | 5 | 210 | 236 | 270 |
| | 10 | 210 | 236 | 270 |
| સિંગલ પ્રીમિયમ | 5 | 780 | 900 | 1050 |
| | 10 | 1260 | 1560 | 1920 |

''વાર્ષિકીકૃત પ્રીમિયમ'' પૉલિસીધારક દ્વારા વર્ષ દરમિયાન પસંદ કરેલ ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ રહેશે, જેમાં કરવેરા, રાઈડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોડિંગ્સ, જો કોઈ હોય તો તે સામેલ નહીં રહે.

''સિંગલ પ્રીમિયમ'' એ કરવેરા, રાઈડર પ્રીમિયમો અને અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો, જો કોઈ હોય તો તે સિવાયના પ્રીમિયમની રકમ રહેશે.

## વધારાની માહિતી

- ગ્રેસ પીરિયડ

  ''ગ્રેસ પીરિયડ'' એટલે વીમા કંપની દ્વારા પાકતી તારીખથી કોઈ દંડ અથવા લેટ ફી વિના પ્રીમિયમની ચૂકવણી માટે માન્ય કરાયેલો સમય, જે સમય દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો મુજબ પૉલિસી કોઈ અંતરાળ વિના રિસ્ક કવર સહિત ઈન–ફોર્સ માનવામાં આવે છે. વાર્ષિક, અર્ધવાર્ષિક અથવા ત્રૈમાસિક પ્રીમિયમોની ચૂકવણી માટે 30 દિવસનો અને માસિક પ્રીમિયમોની ચૂકવણી માટે 15 દિવસનો ગ્રેસ પીરિયડ માન્ય છે.

- આ પ્યોર ટર્મ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ છે, એટલે પાકતી મુદત પર કોઈ લાભ ચૂકવવાપાત્ર નથી રહેતો.
- તમે પ્રીમિયમો રોકડેથી, ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ મારફત ચૂકવી શકો છો.

## રિવાઈવલ

લેપ્સ થયેલી પૉલિસી પૉલિસીની મુદત દરમિયાન રિવાઈવ કરી શકાય છે, પરંતુ ૫ વર્ષની અંદર એટલે કે રિવાઈવલ પીરિયડની અંદર જે પ્રથમ ન ચૂકવેલા પ્રીમિયમની તારીખથી કંપનીને સંતોષ થાય તેમ અને બોર્ડ માન્ય પ્રવર્તમાન અંડરરાઈટિંગ નીતિ મુજબ રિવાઈવ કરવાની રહેતી રકમ આધારે તેમ જ પાકેલા બધાં જ ન ચૂકવેલા પ્રીમિયમો ચૂકવીને કરી શકાય છે. કંપની બોર્ડ માન્ય અંડરરાઈટિંગ માર્ગદર્શિકા અનુસાર લેપ્સ થયેલી પૉલિસી રિવાઈવ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

## અપવર્જનો

પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા તો મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન–ફોર્સ હોવી જરૂરી છે.

## ફ્રીલૂક પીરિયડ

તમે પૉલિસી દસ્તાવેજ પ્રાપ્ત કરો એ તારીખથી 15 દિવસની મુદતની અંદર પૉલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અને પૉલિસી પાછી આપવાનો અધિકાર ધરાવો છો. જો તમારી પૉલિસી તમે પાછી આપો તો તમે ચૂકવેલું પ્રીમિયમ સ્ટેમ્પ ડ્યુટી એડ્જસ્ટ કર્યા પછી પાછું આપી દેવામાં આવશે.

## સ્વીકૃતિ

અવિવા રિસ્ક સ્વીકારવામાં આવે અને પ્રીમિયમો પૂરેપૂરા પ્રાપ્ત ન થાય એ સિવાય કોઈ ક્લેમ માટે જવાબદાર નહીં રહે.

## અવિવા સાથે રોકાણ શા માટે કરવું જોઈએ?

અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – યુકે (UK) સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહા 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે.

1884 માં સ્થાપિત, ડાબર ઈન્ડિયા લિમિટેડ કે જે ડાબર ગ્રુપની પ્રમુખ કંપની છે તે ભારતની સૌથી જૂની અને સૌથી મોટી કંપનીઓ માંની એક છે. આ દેશની પરંપરાગત સ્વાસ્થ્યસંભાળ ઉત્પાદનોનું નિર્માણ કરતી અગ્રણી કંપની છે.

**અસાઈનમેંટ અને નોમિનેશન** વખતો વખત સુધારિત ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 38 અને 39 હેઠળની જોગવાઈઓ મુજબ માન્ય છે.

## કલમ 41

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938 (1)ની કલમ 41 અનુસાર કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

(1) ઈન્શ્યૉરન્સ એજન્ટ દ્વારા તેના પોતાના જીવન પર તેણે પોતે લીધેલ લાઈફ ઈન્શ્યૉરન્સ પૉલિસી સંદર્ભે સ્વીકારેલ કમિશન આ પેટા કલમના અર્થ અન્વયે પ્રીમિયમનું વળતર સ્વીકાર્યા તરીકે નહીં માનવામાં આવે જો અગર આ સ્વીકારતી વખતે ઈન્શ્યૉરન્સ એજન્ટ આલેખિત શરતોનું પાલન કરતા હોય જે સ્થાપિત કરે કે તે ઈન્શ્યૉરર દ્વારા નિયુક્ત કરાયેલ માનનીય ઈન્શ્યૉરન્સ એજન્ટ છે.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

## કલમ 45

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938 ની કલમ 45 વખતો વખત સુધારો કરાયા અનુસાર 3 વર્ષ પછી મિસસ્ટેટમેંટના મુદ્દે પૉલિસી સામે પ્રશ્નાર્થ નહીં કરી શકાય

## મૂંઝવણો અને ફરિયાદો

જો તમે વધુ માહિતી મેળવવા માગતા હો અથવા કોઈ પ્રશ્નો કે મૂંઝવણો ધરાવતા હો તો કૃપા કરી પાછળના પાના પર આપેલા નંબરો પર સંપર્ક કરો.


AVIVA
| Life Insurance |

*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*

**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ**

**હેડ ઑફિસઃ** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે, DLF ફેઝ–V, સેક્ટર 43, ગુડગાવ–122003, હરિયાણા, ભારત.

ફોન નં.: +91 124-2709000, ફૅક્સ નં.: +91 124-2571210, વેબસાઈટઃ www.avivaindia.com, ઈમેઈલઃ customerservices@avivaindia.com

**રજિસ્ટર્ડ ઑફિસઃ** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ, 7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી–110001, ભારત.


બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહોઃ IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કેઃ

- IRDA ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે.
- IRDA ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.


અવિવા જન સુરક્ષા - વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ પ્યોર રિસ્ક લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર છે જે ફેરફારને આધીન રહે છે. UIN: 122N021V02, MKT/December 2015/Ver. 1.4, Advt. No.: Sep 34/19.